# પ્રકરણ – ૪

## ખેતીવાડી ક્ષેત્રે કાર્યસિધ્ધિ

### જિલ્લાની ખેતી વિષયક પ્રવૃત્તિ

કચ્છ જિલ્લાને ખેતીને લગતી અધતન સંબોધનની ભલામણો ખેડુતોના ખેતરો સુધી પહોચાડવા માટે ખેતી વિસ્તરણને લગતી તાલીમ અને મુલાકાત યોજના સને ૧૯૮૫-૮૬ થી કચ્છ જિલ્લામાં શરૂ થયેલ છે. આ માટે ખેતી વિષયક અદ્યતન જ્ઞાન માહિતી માર્ગદર્શન વગેરે ખેડુતોને જે જે સમયે જરૂર હોય ત્યારે અને સમયાંતરે મળતા રહે તે યોજનાનો મુખ્ય ઉદેશ છે.

જિલ્લા કક્ષાએ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે જિલ્લા અધિકારી છે. તેની મદદમાં જિલ્લા કક્ષાએ ત્રણ અધિકારીઓ અને વિષય નિષ્ણાંતો (એગ્રો) અને (પાસ સંરક્ષણ) અને (મગફળી)ની કામગીરી સંભાળે છે.

આ યોજના હેઠળ જિલ્લમાં ત્રણ પેટા વિભાગ કચેરીઓ આવેલ છે.

(૧) ભુજ (૨) ભચાઉ (૩) નખત્રાણા જેમાં મદદનીશ ખેતી નિયામક કક્ષાના ત્રણ અધિકારીઓ તથા અન્ય તાંત્રિક સ્ટાફ ફરજ બજાવે છે. તાંત્રિક અને વહીવટી કામગીરી માટે ભુજ પેટા કચેરી હેઠળ ભુજ, માંડવી, મુન્દ્રા તાલુકાનો સમાવિષ્ટ છે. ભચાઉ પેટા કચેરી હેઠળ ભચાઉ, અંજાર, ગાંધીધામ, રાપર તાલુકા અને નખત્રાણા પેટા કચેરી હેઠળ નખત્રાણા, અબડાસા, લખપત તાલુકા નો સમાવિષ્ટ છે. તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી અને ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સેવક ક્ષેત્રિય કામગીરી બજાવે છે.

રાજ્ય સરકારશ્રીએ આપનો તાકુલો વાઈબ્રન્ટ તાલુકો યોજના અંતર્ગત નાગરીકોને તાલુકા કક્ષાએ સેવા મળી રહે તે હેતુથી એ.ટી.વી.ટી. ના જન સેવા કેન્દ્રો તાલુકા કક્ષાએ શરૂ કરેલ છે. ખેતીવાડી ખાતાની તમામ યોજનાઓના અમલીકરણ માટે તાલુકા અમલીકરણ અધિકારીશ્રી(ખેતી)ની તાલુકા કક્ષાએ નિમાણુંક કરેલ છે અને તા.૧/૪/૨૦૧૨ થી સંપુર્ણ કામગીરી તાલુકા કક્ષાએ કરવામાં આવી રહી છે.

જિલ્લા તથા પેટા વિભાગ કક્ષાના અધિકારી દર બે મહિને પ્રથમ મંગળવારે, બુધવારે ખેતીના અદ્યતનસંશોધન માટેની કૃષિ યુનિ. દાંતીવાડા તાલીમ મેળવે છે. જેના આધારે પેટા વિભાગીય કક્ષાએ વિસ્તરણ અધિકારી(ખેતી) તથા ગ્રામ સેવકોને અદ્યતન જાણકારી આપવામાં આવે છે. આ તાલીમમાં દ્રશ્ય, શ્રાવ્ય સાધનો, જીવંત નમુનાઓ તથા પખવાડિક ખેતી કામોની પત્રિકાઓનો સમાવેશ પણ કરવામાં આવે છે.

ખેતી વિષયક સંદેશાઓ વિસ્તરણ અધિકારી તથા ગ્રામ સેવકો નક્કી કર્યા મુજબ જે તે ગામડાંઓના ફેરણા દરમિયાન ખેડુતોનો સંપર્ક કરીને ખેતી પધ્ધતિ, બીજ, વાવેતર, ખાતર, પાક સંરક્ષણ પગલાં પિયત વ્યવસ્થા અને ખેડુતોના પ્રશ્નો અને ખેતીવાડી ખાતાની જુદી જુદી યોજનાની ઘટકવાર સહાયના લક્ષ્યાંક મુજબ કામગીરી અને માર્ગદર્શન આપે છે.

**(૧) પ્રસ્તાવના**

કચ્છ જિલ્લાનું સ્થાન એગ્રોકલાઈમેટીક ઝોન : દાંતીવાડામાં આવેલ છે. છેલ્લા ૧૦ વર્ષનો સરેરાશ વરસાદ ૪૮૨ મી.મી. છે. કચ્છ જિલ્લાનું વિષમ પ્રકારનું હવામાન છે. સમગ્ર ગુજરાતમાં આ પ્રદેશ “કચ્છ” તરીકે જાણીતો છે. જિલ્લામાં મુખ્યત્વે રેતાળ, ગોરાડુ અને ભાસ્મીક પ્રકારની જમીન આવેલી છે. જમીન ઓછી ફળદ્રુપતા છતાં ઉત્પાદકતા વધુ ધરાવે છે. મગફળી, કઠોળ, કપાસ, દિવેલા, તલ, બાજરી, ઘઉં, રાઈ, શાકભાજી, અને બાગાયતી પાકોમાં ખારેક, આંબા, દાડમ, પપૈયા જેવાં પાકો આ વિસ્તારના મુખ્ય પાકો છે.

**(૨) ભૌગોલિક સ્થાન અને વિસ્તાર**

કચ્છ જિલ્લો ઉતર પશ્ચિમે ૨૨.૪૪' ૩૦" થી ૨૪.૪૧' ૩૦" ઉતર અક્ષાંશ અને ૬૮.૭૬' ૩૦" થી ૪૬.૪૫' પૂર્વ રેખાંશ ઉપર આવેલું અગત્યનું ભુજ શહેર છે. દરિયાની સપાટીથી ૩૮૭ મીટરની ઉંચાઈએ આવેલું છે. પશ્ચિમ રેલ્વે (અમદાવાદ-મુંબઈ) અને રાજ્યની તમામ શહેરોની બસો સાથે જોડાયેલ અતિ મહત્વનું શહેર છે. કચ્છ જિલ્લાનો ભૌગોલિક વિસ્તાર ૧૯૫૭૬૨૯ હેક્ટર છે.

**(૩) જિલ્લાની કૃષિ વિષયક માહિતી**

(અ) ખાતેદાર/ખેડુતોની સંખ્યા : ૨,૧૧,૬૨૯ કુલ

(બ) ખેડુતોનું વર્ગીકરણ

૧. સિમાન્ત ખેડુતો (૧ હેક્ટરથી ઓછી જમીન) : ૨૭૩૪૬
૨. નાના ખેડુતો (૧ થી ૨ હેક્ટર સુધીની જમીન) : ૫૫૧૫૯
૩. મોટા ખેડુતો (૨ હેક્ટરથી વધુ જમીન) : ૧૨૯૧૨૪
૪. અનુસુચિત જાતિના ખેડુતો : ૧૧૩૦૮
૫. અનુસુચિત જનજાતિના ખેડુતો : ૧૦૦૨
૬. અન્ય જાતિના ખેડુતો : ૧૯૮૯૦૩

**(૪) જમીન અંગેની માહિતી (હેકટરમાં) : -**

**(અ)**
૧. કુલ ખેડાણ હેઠળની જમીનનો વિસ્તાર : ૮૦૨૮૩૨
૨. પિયત હેઠળની જમીનનો વિસ્તાર : ૨૧૫૭૮૪
૩. બિન પિયત હેઠળની જમીનનો વિસ્તાર : ૫૮૭૦૪૮
૪. પડતર હેઠળની જમીનનો વિસ્તાર : ૧૬૫૩૯૨
૫. જંગલ હેઠળની જમીનનો વિસ્તાર : ૩૦૬૭૭૦
૬. ગૌચર હેઠળની જમીનનો વિસ્તાર : ૭૦૦૫૮

| **(બ)** **જમીનનો પ્રકાર** | **વિસ્તાર (હેકટરમાં)** |
|---|---|
| (૧) કાળી જમીન | : નીલ |
| (૨) મધ્યમ કાળી જમીન | : ૧૩૪૯૩૯ |
| (૩) ગોરાડુ જમીન | : ૨૩૩૮૮૦ |
| (૪) રેતાળ જમીન | : ૨૯૮૨૩૫ |
| (૫) ક્ષારવાળી જમીન | : ૮૦૪૪૯ |

**જિલ્લામાં પડેલ વરસાદની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ : ૨૦૧૭-૧૮ માં થયેલ કુલ વરસાદ (મિ.મિ.) | વરસાદના દિવસો |
|---|---|---|---|
| ૧ | ભુજ | ૩૨૦ | ૨૦ |
| ૨ | મુન્દ્રા | ૩૯૭ | ૨૧ |
| ૩ | માંડવી | ૪૮૨ | ૨૩ |
| ૪ | અંજાર | ૬૧૪ | ૨૩ |
| ૫ | ગાંધીધામ | ૩૪૩ | ૨૨ |
| ૬ | ભચાઉ | ૪૪૯ | ૨૬ |
| ૭ | રાપર | ૬૫૬ | ૨૫ |
| ૮ | નખત્રાણા | ૩૬૭ | ૨૦ |
| ૯ | અબડાસા | ૬૮૩ | ૧૯ |
| ૧૦ | લખપત | ૩૩૦ | ૧૯ |

**ખરીફ મોસમ જિલ્લાનું પાકવાર વાવેતર, ઉપજ અને ઉત્પાદનની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | પાકનું નામ | વાવેતર વિસ્તાર (હે) | અંદાજીત ઉપજ (કિ.હે.) | ઉત્પાદન (મેટ્રીક ટન) |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૫૩૪૮૩ | ૨૬૦૭ | ૧૩૯૪૩૦ |
| ૨ | તલ | ૪૯૫૬૦ | ૫૮૮ | ૨૯૧૩૯ |
| ૩ | એરંડા | ૯૯૪૮૦ | ૨૩૪૩ | ૧૮૩૬૧૬ |
| ૪ | બાજરી | ૨૫૫૬૯ | ૧૨૬૫ | ૨૨૯૫૪ |
| ૫ | ગુવાર | ૮૬૩૪૭ | ૬૫૫ | ૫૫૬૪૫ |
| ૬ | કપાસ | ૫૧૪૬૫ | ૨૬૭૧ | ૧૦૪૧૭૯ |

**રવિ ઋતુનું જિલ્લાનું પાકવાર વાવેતર, ઉપજ અને ઉત્પાદનની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | પાકનું નામ | વાવેતર વિસ્તાર (હે) | અંદાજીત ઉપજ (કિ.હે.) | ઉત્પાદન (મેટ્રીક ટન) |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૨૧૩૨૯ | ૨૯૮૫ | ૬૨૩૦૦ |
| ૨ | રાયડો | ૬૮૬૪ | ૧૬૦૧ | ૧૬૮૮૭ |
| ૩ | જીરું | ૩૫૧૧૮ | ૫૯૦ | ૧૩૬૮૨ |
| ૪ | ઈસબગુલ | ૧૮૦૧૫ | ૭૩૧ | ૭૯૨૯ |

**જિલ્લા પંચાયત ખેતીવાડી શાખા દ્વારા નીચે મુજબ કામગીરી થયેલ છે.**

| અ. ન. | યોજનાનું નામ | યોજનાની ટુંકી વિગત | નાણાંકીય લક્ષ્યાંક (લાખમાં) | નાણાંકીય સિધ્ધિ (લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | અનુ.જાતિ અને અનુ.જન જાતિ સિવાયના ખેડુતોની કૃષિ વિકાસ કાર્યક્રમ યોજના | આ યોજના હેઠળ નાના/સિમાંત ખેડુતોને સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન આપવા જૈવિક ખાતરો, વર્મી કમ્પોસ્ટ સેન્દ્રિય ખાતરો, તાડપત્રી, આઈ.પી.એમ, સિંચાઈ સાધનો, પાક સંરક્ષણ સાધન જેવા ઘટકોમાં સહાય આપવામાં આવે છે. | ૨૫૭.૭૮ | ૧૩૮.૩૯ |
| ૨ | અનુ.જાતિના ખેડુતોને પાક ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહન આપવા અંગેની યોજના | અનુસુચિત જાતિના ખેડુતોને પાક ઉત્પાદન વધારવા માટે સેન્દ્રિય ખાતર, સૂક્ષ્મ તત્વો, સુધારેલ બિયારણના કીટ્સ, પાક સંરક્ષણ સાધન, પાક સંરક્ષણ દવા સુધારેલ ખેત ઓજાર, તાડપત્રી જેવા ઘટકોમાં સહાય ચુકવવામાં આવે છે. | ૯૩.૪૬ | ૭૫.૯૬ |
| ૩ | એન.એફ.એસ.એમ. (કોમર્શીયલ ક્રોપ કોટન) | આયોજન હેઠળ કપાસનું ઉત્પાદન વધારવા અને ગુણવતા સુધારવા માટે ખેડુતોને વિવિધ ઘટકો જેવા કે એફ.એલ.ડી. ઓન સંકલિત પાક વ્યવસ્થા અને એફ.એલ.ડી. ઓન ઈન્ટર ક્રોપીંગ જેવા ઘટકોમાં સહાય ચુકવવામાં આવે છે. | ૯.૪૦ | ૬.૧૪ |
| ૪ | કેન્દ્ર પુરસ્કૃત તેલીબીયા વિકાસ યોજના એ.જી.આર.-૬ (MNOOP) | આ યોજના હેઠળ તેલીબીયા પાકોનું ઉત્પાદન વધારવા માટે ખેડુતોને વિવિધ ઘટકો જેવા કે, સુધારેલ બિયારણ, મીનીકીટ્સ, બ્લોક નિદર્શન, પાક સંરક્ષણ સાધનો, પાક સંરક્ષણ દવા, સુધારેલ ખેત ઓજારો, ખેડુત શિબિર, વીડીસાઈડ, માઈક્રોન્યુટ્રીયન્ટ, આઈ.પી.એમ., તાડપત્રી વગેરે જેવા ઘટકોમાં સહાય ચુકવવામાં આવે છે. | ૧૯૨.૬૮ | ૧૨૧.૧૯ |

| અ. ન. | યોજનાનું નામ | યોજનાની ટુંકી વિગત | નાણાંકીય લક્ષ્યાંક (લાખમાં) | નાણાંકીય સિધ્ધિ (લાખમાં) |
|---|---|---|---|---|
| ૫ | એન.એફ.એસ.એમ. (નેશનલ ફુડ સિક્યુરિટી મીશન- કઠોળ | કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં પ્રમાણીત બીજ વિતરણ, ફાર્મ મેકેનીઝમ ઘટકોમાં રોટાવેટર,સીડડ્રીલ,પંપસેટ, તથા જિપ્સમ, આઈ.પી.એમ. નિદર્શન, સુક્ષ્મતત્વો, પાક સંરક્ષણ સાધન, પાક સંરક્ષણ દવા, વગેરેમાં ખેડુતોને સહાય આપવામાં આવે છે. | ૨૩૪.૩૬ | ૯૯.૫૨ |
| ૬ | આર.કે.વી.વાય (રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના) | કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં ફાર્મ મિકેનાઈઝેશન યોજના અંતર્ગત ખેત યાંતિકરણ માટે ટ્રેક્ટર સંચાલિત જુદાં જુદાં ખેત ઓજારો માટે સહાય આપવામાં આવે છે. | ૮.૩૬ | ૧૩૨.૨૧ |
| ૭ | ખાતેદાર ખેડુત અકસ્માત વીમા યોજના | રાજ્યમાં નોંધાયેલા ૫ થી ૭૦ વર્ષ સુધીની ઉંમર ધરાવતા ખેડુત/ખેડૂત ખાતેદારના પ્રથમ વારસદારને અકસ્માતે મૃત્યુ થાય અથવા તો કાયમી અપંગતા આવે તો રૂ|. ૧ લાખ સુધી વીમા કવચ પુરૂ પાડવામાં આવેલ છે. | ૦ | ૨૫.૫૦ |
| ૮ | સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવા ખેડુતોને પ્રોત્સાહન આપવા બાબત | સુક્ષ્મ પિયત પધ્ધતિના અનેકવિધ ફાયદાઓ અંગે ખેડુતોને જાણકારી આણી આ પધ્ધતિ વધુને વધુ ખેડુતો અપનાવે તે બાબતે સમજણ આપવામાં આવે છે. ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા સુક્ષ્મ પિયત પધ્ધતિની કુલ કિંમતના ૫૦% હેકટર દીઠ મહતમ રૂ|. ૬૦,૦૦૦ ની સહાય આપવામાં આવે છે. વધુમાં વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૬ સુધી ૨૫૭૪૩ લાભાર્થીઓને ૫૯૪૪૯ હેકટર વિસ્તાર હેઠળ આવરી લેવાયા છે. | - | - |
| ૯ | એ.જી.આર -૫૦ યોજના | આ યોજના હેઠળ ખેડુતોને કૃષિ યાંત્રિકીકરણને પ્રોત્સાહન આપવા માટે ખેડૂતોને ટ્રેક્ટર સહાય આપવામાં આવે છે. | ૩૬૨.૦૦ | ૩૭૫.૯૦ |
| ૧૦ | પાક વીમા યોજના | સરકારશ્રીએ કુદરતી આપતી, દુષ્કાળ, જિવાતોનો ઉપદ્રવ, જેવા સંજોગો સામે ખેતીના વિવિધ પાકો માટે નાણાં સંસ્થાઓ મારફત મેળવેલ પાક ધિરાણ અને ભરેલ વીમા પ્રિમીયમ સામે વિમા રક્ષણ નીચે આવરી લીધેલ છે. આ યોજના હેઠળ મગફળી, કપાસ, ઘઉં, બાજરી, ઈસબગુલ, જેવા પાકોના પાક કાંપણી અખતરાઓનું આયોજન કરવામાં આવેલ છે. પાક કાપણી અખતરાઓના ઉત્પાદનના આધારે જે તે વર્ષનું તાલુકાનું પાક ઉત્પાદન નક્કી થતું હોઈ પાક કાપણી અખતરા ચોક્કસાઈ પૂર્વક ગોઠવાય અને નિરીક્ષક અધિકારીઓ પંચો રૂબરૂમાં કાપણી થાય તે માટે અધિકારીઓની નિમાણુંક કરીને જિલ્લામાં વિવિધ પાકોના અખતરાઓની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. | - | - |
| ૧૧ | કિસાન કોલ સેન્ટર | ખેડુતોને ઘેર બેઠા ખેત વિષયક સમસ્યાઓના માર્ગદર્શન મળી રહે તે હેતુ માટે સરકારશ્રીએ કિસાન કોલ સેન્ટર શરૂ કરેલ છે. જેના ફોન નંબર ૧૫૫૧ છે. સવારના ૬.૦૦ થી રાત્રિના ૧૦.૦૦ સુધી આ સેવા વિના મુલ્યે ઉપલબ્ધ છે. | - | - |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | SMAM | ફાર્મ મિકેનાઈઝેશ | ૪૩.૦૦ | ૪૫.૦૩ |
| ૧૩ | AGR-59 | ઘાસચારા વિકાસ કાર્યક્રમ | ૧૩.૬૩ | ૧૩.૬૩ |

**ખેતીશાખા, જિ.પં., ભુજ – કચ્છની મહેકમની વિગતો (વર્ષ : ૨૦૧૬-૧૭)**

| અ.નં. | જગ્યાનું નામ | વર્ગ | મંજુર જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | જિલ્લા ખેતીવાડી અધિકારી | ૧ | ૧ | ૧ | ૦ |
| ૨ | મદદનીશ ખેતી નિયામક | ૨ | ૩ | ૩ | ૦ |
| ૩ | વિસ્તરણ અધિકારી | ૩ | ૧ | ૧ | ૦ |
| ૪ | નાયબ હિસાબીનીશ | ૩ | ૧ | ૧ | ૦ |
| ૫ | સી.કલાર્ક | ૩ | ૪ | ૪ | ૦ |
| ૬ | જુ.કલાર્ક | ૩ | ૩ | ૨ | ૧ |
| ૭ | પટાવાળા | ૪ | ૪ | ૨ | ૨ |
| ૮ | ડ્રાઈવર | ૪ | ૩ | ૨ | ૧ |
| કુલ | | - | ૨૦ | ૧૬ | ૪ |

**કૃષિ મહોત્સવ**

- જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૭ દરમ્યાન અંદાજે ૮૭૫૩ જેટલા ખેડૂતોએ ભાગ લીધેલ કૃષિ વૈજ્ઞાનિકો, પશુપાલનનાં નિષ્ણાતો અને બાગાયાતો તંત્રના અધિકારીશ્રીઓ દ્વારા કૃષિ, પશુપાલન અને બાગાયત વિષયમાં માર્ગદર્શક પ્રવચનો આપવામાં આવેલ. પ્રગતિશીલ ખેડૂતોના ખેતીના અનુભવોનું આદાન પ્રદાન અને ખેડૂતોને સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમના સ્થળે લાભાર્થીઓને ૪.૦૦ લાખની સહાયના ચેક તથા મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવેલ હતું. તેમ જ કૃષિ સેમિનાર અને કૃષિ પ્રદર્શનના કૂલ ૮૦ જેટલા સ્ટોલ રાખવામાં આવેલ અને ૨૫૫૦૦ જેટલુ સાહિત્ય વિતરણ કરવામાં આવેલ હતું.